# ‘મેરી આવાઝ સુનો’ કાર્યક્રમમાં ૩૦થી વધુ ગાયકોની સુરિલી પ્રસ્તુતિ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં શનિવારની સાંજે સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ તથા પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે કરાઓકે ટ્રેક શૉ સંગીત કાર્યક્રમ ‘મેરી આવાઝ સુનો’ યોજાયો હતો. જેમાં શહેરના ૩૦થી વધુ ગાયકીના શોખીન અનુભવી બીનઅનુભવી ગાયકોએ તેમનું પરફોર્મન્સ પ્રસ્તુત કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ પાંચ ગાયકોને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા સંચાલિત ‘મેરી આવાઝ સુનો’ કરાઓ કે કલબ તથા પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના સંયુકત ઉપકમે આયોજિત કાર્યક્રમનો હેતુ શહેરના અનુભવી બીનઅનુભવી ગીત ગાવાના શોખીન ગાયક કલાકારોને સ્ટેજ પ્લેટફોર્મ પુરું પાડવાનો હેતુ હતો. આ કાર્યક્રમમાં કરાઓ કે ટ્રેક શૉ પર ૩૦થી વધુ કલાકારોએ પોતાનું પરફોર્મન્સ આપ્યું હતું. જેમાંથી પાંચ શ્રેષ્ઠ કલાકારોને ઈનામો આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં સિનિયર સિટિઝન કાઉન્સિલના પ્રમુખ હસમુખભાઈ શાહ, રોટરી કલબના અગ્રણી મહેન્દ્રભાઈ ભાવસાર, પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના રત્નોત્તર, રાજુભાઈ શ્રીમાળી, રાજતરંગ, કિશોરભાઈ પ્રજાપતિ સહિત અન્ય જાણીતા ગાયકો, મોજીલા ગૃપના જગદીશભાઈ નાયક અને અશ્વિનભાઈ શર્મા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બિજોય તિવારીએ કર્યું હતું તથા




સ્થાપક તથા નાટયકાર અભિનેતા હસમુખ મેકવાન, વરિષ્ઠ નાટયકાર તથા પત્રકાર નીતિનભાઈ પટેલ, જાણીતા ગાયક કલાકારો સુરેશ કાર્યક્રમની સફળતા માટે કિરીટકુમાર અગ્રાવત, અજિતસિંહ પરમાર તથા શ્રવણકુમાર પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.



## ખોરજ અંડરબ્રિજના મુદ્દાને લઈ ગ્રામજનો એકઠા થયા

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈનના અન્ડર બ્રિજના મુદ્દાને લઈ આજે રવિવારના રોજ બપોરના સમયે ગ્રામજનો એકઠા થયા હતા અને રેલ્વેના અધિકારીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. રેલ્વે તંત્ર દ્વારા ફાટક મુકત બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે ટ્રેન પસાર થતી હોય તેવા મોટાભાગના ગામમાં રેલ્વે ફાટકની જગ્યાએ અન્ડરપાસ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. પરંતુ રેલ્વે તંત્રના અધિકારીઓ જાણે આ પરિસ્થિતિથી વાકેફ ના હોય તે પ્રમાણે આ કામગીરી કરી રહ્યા છે. અગાઉ ચિલોડા દહેગામ હાઈ-વે ઉપર બનાવવામાં આવેલા અન્ડર બ્રિજને લઈને ગ્રામજનો દ્વારા આંદોલન કરવાની ફરજ પડી હતી,ત્યારબાદ અંડર બ્રિજને મોટો બનાવાયો હતો.

# કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ

### ચેમ્બરમાં પ્રવેશ માટે ચિઠ્ઠીને લઇને ડી.ડી.ઓ.નો ઉધડો લેતા સદસ્યો : શાળાઓ મર્જ કરવા સામે વિરોધ : ગાંધીજીની પ્રતિમા સ્થાપિત કરવાનો નિર્ણય

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણસભા યોજાઈ હતી. જેમાં પોતાની ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. સાધારણ સભામાં જિલ્લાના દરેક તાલુકા મથકે વિશ્રામગૃહ- જિલ્લા પંચાયતની સાધારણ સભા ગ્રામ વિકાસ એજન્સીના સભાખંડમાં જીલ્લા પંચાયત શિક્ષણ વિષયક પ્રશ્નો, તાજેતરમાં થયેલી એસ. આઈની ભરતી સહિતના મુદ્દે ચર્ચાઓ કરવામાં ભરતીમાં જિલ્લાના જ ઉમેદવારોની પસંદગી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. અહિંયા ઘાસ કાપવા આવતા નથી. તેવી ઉગ્ર રજૂઆતો કરતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી





ચેમ્બરમાં પ્રવેશ માટે ડી.ડી.ઓ.દ્વારા ચિઠ્ઠીઓ મોકલવાના આગ્રહ સામે ભાજપ-કૉંગ્રેસના સદસ્યોએ રીતસરનો ઉધડો લીધો હતો. અને અમે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ અહિં ઘાસ કાપવા નથી આવતા તેવી ઉગ્ર રજૂઆતો કરતાં સભામાં ફાયર ફાયટરની સુવિધા, પાલનપુરમાં ગાંધીજીની પ્રતિમા સ્થાપિત કરવા સહિતના મહત્વના ઠરાવો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકાર દ્વારા શાળાઓ મર્જ કરવાના નિર્ણયનો વિરોધ કરાયો હતો.

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા પ્રમુખ પીનાબેન ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી અજય દહિયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ગત સાધારણ સભામાં થયેલા ઠરાવો, સદસ્યો દ્વારા પુછાયેલા પ્રશ્નોને બહાલી આપવામાં આવી હતી. સભા દરમિયાન આરોગ્ય વિષયક, આવી હતી. અંતમાં પ્રમુખ સ્થાનેથી બનાસકાંઠા જિલ્લાના દરેક તાલુકા સ્થાને વિશ્રામગૃહ બનાવવા, દરેક તાલુકાને ફાયર ફાયટર ફાળવવા, પાલનપુર પથિકાશ્રમમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમા સ્થાપિત કરવી અને જિલ્લામાં કોન્ટ્રાકટ દ્વારા થતી

જોકે, જિલ્લા વિકાસ અધિકારી તેમની ચેમ્બરમાં આવતાં સદસ્યોને પ્રવેશ આપતા પહેલા ચિઠ્ઠી મંગાવતાં હોઈ આ પ્રણાલીનો ભાજપ- કોંગ્રેસ બંને પક્ષના સદસ્યોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. અને જાહેરમાં માઈક ઉપર અમે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ હતી. આ અંગે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતુ કે, ચેમ્બરમાં અગત્યની મિટીંગ ચાલતી હોય તે દરમિયાન સદસ્યોનો સમય ન બગડે તે માટે ચિઠ્ઠી લખવાનો આગ્રહ રાખવામાં આવતો હતો. જોકે, હવે તેઓ સીધા મારી મુલાકાત કરી શકશે.

# બનાસકાંઠામાં ચાર સરકારી આરોગ્ય કર્મચારીઓ પ્રાઈવેટ પ્રેકટીસ કરતાં ઝડપાયા

સરહદી બનાસકાંઠાના જિલ્લા આરોગ્ય અધિકારીએ પાલનપુર, લાખણી, ડીસામાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જયાં સી. એચ. ઓ. તેમજ રાષ્ટ્રીય બાળ સુરક્ષા કેન્દ્રોમાં ફરજ બજાવતાં ચાર આરોગ્ય કર્મચારીઓ ખાનગીમાં પ્રેકટીસ કરતાં ઝડપાઈ ગયા હતા. તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ફરજ દરમિયાન ગેરરિતી આચરનારા આરોગ્યકર્મચારીઓમાં ફફડાટ પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતાં આરોગ્ય કર્મચારીઓ ફરજ ઉપર હાજર રહેતા ન હોવાથી દર્દીઓને અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની બુમરાણ મચી છે. બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષકુમાર સીએચઓ, લાખણી અને ડીસાના રાષ્ટ્રીય બાળ સુરક્ષા કેન્દ્રોમાં ફરજ બજાવતાં સરકારી કર્મચારીઓ અન્યત્ર ખાનગી પ્રેકટીસ કરતાં હોવાનું જાણવા મળ્યું હતુ. જેમની



ફેન્સીએ પાલનપુર, લાખણી અને ડીસા તાલુકાના રાષ્ટ્રીય બાળ સુરક્ષા કેન્દ્રોની સરપ્રાઈજ વિઝીટ કરી હતી.

તપાસ દરમિયાન પાલનપુર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી તાત્કાલિક અસરથી સસપેન્ડ કરવા જિલ્લા વિકાસ અધિકારીની પરમીશન માંગવામાં આવી છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

કેન્દ્રમાં મે ૨૦૧૪માં મંત્રી બન્યા. એ પછી ભાજપ, એજીપી અને બીજા પ્રાદેશિક પક્ષોની સરકારના મુખ્યમંત્રી બન્યા. એમની સરકાર દિશપુરમાં સ્થપાઈ એ પહેલાં સતત ૧૫ વર્ષ સુધી કોંગ્રેસના તરુણ ગોગોઈ મુખ્યમંત્રી હતા. ગોગોઈ સરકારમાંના હેમંત બિસ્વા સરમા કોંગ્રેસમાં હતા ત્યાં લગી ભાજપના નેતાઓ એમને સૌથી ભ્રષ્ટ નેતા લેખાવતા હતા, પણ એ ભાજપમાં જોડાયા એટલે ઈશાન ભારતનાં તમામ રાજ્યો(સેવન સિસ્ટર્સ એન્ડ વન બ્રધર-સિક્કિમ)માં તેઓ ભાજપના માનવંતા પ્રભારી બનીને યેનકેન પ્રકારેણ અન્ય પક્ષોમાંથી નેતાઓને ભાજપ કે એનડીએમાં જોડી ઈશાન ભારતને કોંગ્રેસમુક્ત કરવામાં મોવડીમંડળના આંખકાન બન્યા. એ પાછા આસામ સરકારમાં મંત્રી તો છે જ.

મહારાષ્ટ્ર હવે ટર્નિંગ પોઈન્ટ

વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપના વડપણવાળી સરકાર આરૂઢ થયા પછી મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ભાજપ અને શિવસેના બંને પક્ષ અલગ અલગ લડ્યા હતા. ૨૮૮ બેઠકોના ગૃહમાં ભાજપને માત્ર ૧૨૨ બેઠકો જ મળી હતી. આ વખતે સેના સાથે યુતિ કરીને લડ્યા છતાં ભાજપને માત્ર ૧૦૫ બેઠકો જ મળી. ૨૦૧૪માં ભાજપને સરકાર બનાવવા માટે પૂરતી બહુમતી નહોતી એ વેળા પવારના પક્ષના વ્યૂહાત્મક સમર્થન સાથે ફડણવીસ સરકાર બની ત્યાર પછી સેના એમાં સામેલ થઇ હતી.આ વખતે શિવસેના પોતાના મુખ્યમંત્રી બાબતે મક્કમ રહી અને પવારના કારણે કજોડા જેવી આઘાડી શક્ય બની, પણ ભાજપના ઘમંડને તોડવામાં એણે સફળતા મળી. વળી, ઠાકરે પરિવારે પહેલીવાર ચૂંટણી લડવામાં ઉમેદવારી કરી એટલું જ નહીં, ૨૦ વર્ષના અંતરાળ પછી શિવસેનાને મુખ્યમંત્રીપદ મળ્યું અને એ પણ શિવસેનાના સંસ્થાપક બાળ ઠાકરેના પુત્ર ઉદ્ધવ ઠાકરેને. માર્ચ ૧૯૯૫માં શિવસેના-ભાજપની પહેલી સરકારમાં સેનાના મનોહરપંત જોશી મુખ્યમંત્રી હતા. એ પછી શિવસેનાના જ નારાયણ રાણે મુખ્યમંત્રી બન્યા હતા. જોકે ૧૯૯૯ની વિધાનસભા ચૂંટણી પછી કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસની સરકાર બની. એણે ૧૫ વર્ષ રાજ કર્યું. એ દરમિયાન શિવસેનાના છગન ભુજબળ અને નારાયણ રાણે જેવા ઘણા નેતા કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં જોડાયા. નવેમ્બર ૨૦૧૨માં બાળાસાહેબ ઠાકરેનું અવસાન થયું ત્યાં લગી પવાર અને ઠાકરેની મૈત્રી અકબંધ રહી. પવાર પોતાની રાજકીય આત્મકથા ‘‘ઓન માય ટર્મ્સ’’માં નોંધે છે: ‘‘બાળાસાહેબ ઠાકરે સારા મિત્ર અને મારા એટલાજ સારા વિરોધી પણ.’’ બંને જ્યોર્જ ફર્નાન્ડિસ સાથે ૧૯૮૨માં શિવતીર્થ પરના મેળાવામાં મંચ પર હતા એ આજે ય યાદ કરાય છે. પવાર અનેકવાર મુખ્યમંત્રી અને કેન્દ્રમાં મંત્રી પણ થયા. ૧૯૭૮માં વસંતદાદા સરકાર તોડીને જનસંઘ, સંસ્થા કોંગ્રેસી, શેકાપ અને સમાજવાદીઓને સાથે લઈને સરકાર રચી ભાજપના પૂર્વાશ્રમીઓ ઉત્તમરાવ પાટીલ, હસુ આડવાણી સહિતનાને સત્તાનો સ્વાદ શરદ પવારે જ ચખાડ્યો હતો. ભલભલા લોકો પવારને રાજકીય ગુરુ માને છે. ભારતીય રાજકારણના ખરા અર્થમાં ડોક્ટર એવા ડૉ.શરદ પવાર (સરદાર પટેલ કે પવારને માનદ ડોકટરેટની અનેક પદવી મળ્યા છતાં એ આજકાલના માનદ પદવીધારીઓની જેમ ડૉ.નું છોગું લગાડતા નથી) આવતા દિવસોમાં બિન-ભાજપી વિપક્ષી મોરચા માટે આશાનું કિરણ જરૂર છે. મહારાષ્ટ્રમાં એમણે ભાજપી મોરચાની શસ્ત્રક્રિયા કર્યા પછી હવે એ અન્ય રાજ્યોમાં ભાજપ અને મિત્રપક્ષોની સરકારોની શસ્ત્રક્રિયા કેમ કરી શકાય એ તરફ વળશે. ગોવા, કર્ણાટક અને ઈશાન ભારતનાં રાજ્યોનો વારો કાઢશે. આવતીકાલોમાં અસલી ચાણક્ય અને ચંદ્રગુપ્ત કોણ એની કવાયતો તીરે ઊભા રહીને જોનારાઓ માટે તો મજેદાર ખેલ બની રહેવાની છે.

- haridesai@gmail.com

## જમીન દોસ્ત...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાના પથ્થરના ટુકડા કુલીંગ ટાવરની અંદાજે ૧૫૦ મીટરમાં ફેલાવવાની શક્યતા હોવાથી આસપાસના રહીશો માટે સેફ્ટી એડવાઈઝરી જાહેર કરાઈ હતી. તથા સ્થળ નજીકના રહીશોને થોડા સમય માટે સ્થળથી દૂર ચાલ્યા જવા જણાવાયુ હતુ. બપોરે ૩ ને ૧૦ મિનિટે પ્રથમ અને થોડી જ સેકન્ડમાં દ્વિતીય બ્લાસ્ટ કરાયો હતો. એન્જીનિયરોની ગણતરી મુજબ સ્થળ પર જ ટુકડા પડી જવા જોઈએ અને તેમ જ થયુ હતુ. ફક્ત ધૂળ થોડે સુધી વિસ્તરી હતી. જે માટે પણ ફાયરબ્રિગેડની ટીમ હાજર રખાઈ હતી. સ્થળના ૧ થી દોઢ કિલોમીટર સુધી એન્ટ્રી બ્લોક રખાઈ હતી જેથી બપોરના ૨ થી ૪ વાગ્યા દરમિયાન રહીશો તથા નગરજનોની કોઈ અવરજવર ત્યા થઈ ન હતી.

## ગણતરીમાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવતા મકાનમાં ૭૫ ટકા, રહેવાલાયક મકાનમાં ૨૪ ટકા અને માત્ર એક ટકા પરિવારો જ જીર્ણશીર્ણ કે જર્જરીત મકાનમાં રહે છે. ગ્રામીણ ગાંધીનગર જ નહીં સમગ્ર ગુજરાતની સરખામણીએ ગાંધીનગર શહેરમાં વસેલા અનુસૂચિત જાતિ પરિવારોને સારી હાલતના રહેઠાણની સુવિધા ખૂબ સારી કહી શકાય એમ આંકડા દર્શાવે છે. આ પરિવારોના રહેણાંક મકાનોની સારી હાલત એ સર્વનો સમાવેશની સ્થિતિ દર્શાવે છે. આશા રાખીએ આનાથી પણ વધુ સારૂ ચિત્ર આપણે બનાવીએ, પૂર્ણરૂપે ભારતીય તરીકે જ્ઞાતિ-જાતિના વાડાથી મુક્ત નવો સમાજ રચીએ.

## વેગ આવ્યો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સવાની ખેતીનો ગઈ સિઝનમાં બે હેકટરમાં પ્રયોગ થયો હતો આ પછી આ વખતે પાંચ હેકટરમાં વાવેતર થયું છે. આ પાકના વાવેતર વિસ્તારમાં હજુ થોડોક વધારો થશે તેમ મનાઈ રહ્યું છે. સવાની ખેતી ગાંધીનગર તાલુકામાં થઈ છે. વરિયાળીનું વાવેતર ૬૭૨ હેકટરમાં તો શાકભાજીનું વાવેતર ૨૨૮૧ હેકટરમાં અને બટાટાની ખેતી ૩૯૦૨ હેકટરમાં થવા પામ્યું છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીગનર તાલુકામાં ૪૦૪૫ હેકટર, દહેગામમાં ૬૭૭૧ હેકટર, કલોલમાં ૩૦૬૬ હેકટર અને માણસામાં ૭૯૬૭ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે. જિલ્લામાં શિયાળો લંબાવવાની ગણતરીને લઈ ખેડૂતો ઘઉંનું વાવેતર વધુ કરશે તેવા અંદાજો છે. જિલ્લામાં પાછોતરો વરસાદ ૧૦૦ ટકાથી પણ વધુ થયો હોવાથી રવિ સિઝનમાં ગત વર્ષ કરતાં વધુ વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો છે.

## બગીચો ઉજ્જડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બગીચાઓની જાળવણી લેવાનુ તદન વિસરાતા હાલ આ ઉદ્યાનો અસમાજિક તત્વોનો અડ્ડો બની ગયા છે. એટલુ જ નહીં દુષણો સાથે સેકટરોના ઉદ્યાનમાં ગંદકી ખદબદી રહી છે. પરિવારજનો બાળકો સાથે ઉદ્યાનમાં જતા ખચકાય છે. બગીચાઓનો નઝારો નયમરમ્ય રહ્યો નથી. નગરમાં હરિયાળા વૃક્ષોની કટોતી થઈ રહી છે જયારે ઉદ્યાનો પણ હરિયાળી ગુમાવી રહ્યા છે. ઉદ્યાનોની જાળવણી માટે તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર પણ નથી જયારે કોર્પોરેશન દ્વારા પણ ઉદ્યાનોના નવિનીકરણ મામલે વી આઈ પી કલ્ચર અપનાવ્યુ હોય તેમ પસંદગીના કેટલાક સેકટરોમાં જ ઉદ્યાન વિકાસની યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે.જેના લીધે સેકટરોમાં રહેતા આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સે-૧૭ ના બગીચાની યોગ્ય જાળવણી હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ માંગ ઉઠાવી છે.

## હિન્દુત્વ વિચારધારા... ● પહેલા પાનાનું ચાલુ

નરમ વલણના સંકેત આપ્યા છે. ફડનવીસ પર પ્રહાર કરતા કહ્યું છે કે, તેઓએ ક્યારે પણ કહ્યું નથી કે, પરત આવશે પરંતુ તેઓ અહીં ગૃહમાં આવ્યા છે. ફડનવીસ પાસેથી ઘણું શિખ્યુ છે જેથી તેમની સાથે મિત્રતા અકબંધ રહેશે. ઉદ્ધવે એમ પણ કહ્યું હતું કે, તેઓ હજુ પણ હિન્દુત્વની વિચારધારા સાથે છે. છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે પણ સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો નથી.

**જાહેર નિવિદા નં.૭ સને ૨૦૧૯-૨૦૨૦**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૮, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બી-બ્લોક, બીજો માળ, ગાંધીનગર, (ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૫૬૦૩૨)ની કચેરીએથી અંદાજીત રકમ રૂ. ૨.૭૮ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર, (ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૫૧ લાખ સુધીના એમ કુલ ૨ (બે) કામના પાણી / ગટર વેરાના બિલોનું કોમ્પ્યુટરાઈઝ ડેટા એન્ટ્રી / જોબ વર્ક કરતા તથા બીલોનું વિતરણ કરતા અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૭/૧૨/૨૦૧૯ (૧૬ કલાક સુધી) રહેશે અને ભાવ ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૩/૧૨/૨૦૧૯ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા. ૧૬/૧૨/૨૦૧૯ના રોજ ૧૨-૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી ઉપરોક્ત જણાવેલ જે તે કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જરૂર જણાયે ટેન્ડર અંગેની વધુ વિગતો માટે જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત જે તે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. માહિતી/૧૬૮૨/૧૯-૨૦

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા - વર્ષ ૨૦૧૯-૨૦૨૦**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર નગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી તા. ૧-૧-૨૦૨૦થી તા. ૩૧-૧૨-૨૦૨૦ના સમય માટે ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈએમડીની રકમ |
|---|---|---|---|
| ૨૨ | ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં જુદી જુદી શાખાઓ માટે આઉટ સોર્સિંગથી મેનપાવર સેવાઓ પૂરી પાડવા બાબત. | ૧૨૦૦૦-૦૦ | ૧૫,૦૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૨/૧૨/૨૦૧૯ થી તા. ૨૩/૧૨/૨૦૧૯ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. અને ગાંધીનગર નગરપાલિકાની વેબસાઈટ www.gandhinagarmunicipal.com ઉપરથી જોઈ શકાશે. પ્રિબિડ મિટીંગ તા. ૯/૧૨/૨૦૧૯ સમય : ૧૫:૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ તા. ૨૭/૧૨/૨૦૧૯ સુધીમાં રજીસ્ટર પોસ્ટથી બપોરના ૧૬:૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે.

ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૭/૧૨/૨૦૧૯ સમય : ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૩૦/૧૨/૨૦૧૯ના રોજ ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૨૯/૧૧/૨૦૧૯
માહિતી/૧૬૭૬/૧૯-૨૦

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

# ઘ-૪ સર્કલ તુટી જતાં સ્વર્ણિમ પાર્કમાં યોજાયેલી પુસ્તક પરબે છ વર્ષ પૂર્ણ કર્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના ઘ-૪ સર્કલ નજીક આજે સવારે માતૃભાષા અભિયાન પ્રેરિત અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ડિસેમ્બર માસની પુસ્તક



પરબ યોજાઈ હતી. ઘ-૪ સર્કલે અન્ડરપાસના કાર્યને કારણે સ્વર્ણિમ પાર્કમાં ગુડાના સાયકલ સ્ટેન્ડ સામેની છત્રી નિચે યોજાયેલી પુસ્તક પરબે આ સાથે છ વર્ષ પૂરા કરી સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજની પુસ્તક પરબમાં નિયમિત મુલાકાતીઓ ઉપરાંત શહેરના સાહિત્યિક અગ્રણીઓએ પણ હાજરી આપી હતી. નવા સ્થળે યોજાયેલી પુસ્તક પરબને પણ શહેરમાં વાંચન રસિકોએ ઉષ્માભર્યો પ્રતિસાદ આપ્યો હતો અને આયોજકોનો આત્મવિશ્વાસ વધાર્યો હતો.



## વાવોલમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગરના વાવોલ ખાતે ચાલી રહેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ગ્રામ શિબિર દરમિયાન રવિવારે સવારે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના સંયુકત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૬૭ ગ્રામજનોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ડૉ. હાર્દિક તલાટી, ડૉ. રાજેન્દ્ર વસોયા સહિતના તબીબોએ સેવાઓ આપી હતી જયારે એનએસએસના શિબિરાર્થીઓએ સમગ્ર કેમ્પની વ્યવસ્થા સુપેરે સંભાળી હતી.

# ટેટોડા મનરેગા કૌભાંડમાં ડીસાના તત્કાલિન ટી.ડી.ઓ., ઉપસરપંચને સીઆઈડી ક્રાઈમ ઉઠાવી ગઈ

### ૩૨૩ ખોટા જોબકાર્ડ બનાવી અંદાજીત ૧૯ લાખની ઉચાપત કરાઇ હતી

ડીસા તાલુકાના ટેટોડા ગામે અગાઉ તાલુકા વિકાસ અધિકારી અને ગામના ઉપસરપંચે મીલીભગત કરી મનરેગા યોજનાના ખોટા જોબકાર્ડ બનાવી રૂપિયા ૧૯ લાખની ઉચાપત કરી હોવાની ફરિયાદ ગામના જાગૃત નાગરિક દ્વારા થઈ હતી. આ કેસમાં ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની ટીમે ગુરૂવારે તત્કાલિન ટીડીઓ અને ગામના તત્કાલિન ઉપ સરપંચ અને વર્તમાન સમયે ડીસા તાલુકા પંચાયત કારોબારી ચેરમેનની ધરપકડ કરતાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચકચારી બનેલા મનરેગા કૌભાંડની વિગતો એવી હતી કે, ડીસા તાલુકાના ટેટોડા ગામે અગાઉ સરકાર દ્વારા મનરેગા યોજના તળે કામો કરવામાં આવ્યા હતા. જોકે, તે વખતના તાલુકા વિકાસ અધિકારી ચંદુભાઈ ડગલા અને ગ્રામ પંચાયતના ઉપ સરપંચ રમેશભાઈ પટેલે મનરેગા યોજનાના ૩૨૩ ખોટા જોબકાર્ડ બનાવી અંદાજીત ૧૯ લાખની ઉચાપત કરાઈ હતી. આ અંગે ગામના જ જાગૃત નાગરિક ભૂરાભાઈ પટેલે હાઈકોર્ટની ગાઈડલાઈન બાદ ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ કરી છે. દરમિયાન ગુરૂવારે સવારે સીઆઈડી ક્રાઈમની ટીમે તત્કાલિન ટીડીઓ ચંદુ ડગલા અને ઉપ સરપંચ રમેશ પટેલની ધરપકડ કરી ગાંધીનગર પુછપરછ માટે લઈ જવાયા હતા.

## મંદીની સંભાવનના... ● પહેલા પાનાનું ચાલુ

જે છ વર્ષની સૌથી નીચી સપાટી દર્શાવે છે. નિરાશાજનક દેખાવના કારણે કન્ઝ્યુમર ડિમાન્ડને માઠી અસર થઈ રહી છે. કોર સેક્ટરમાં આઉટપુટના આંકડામાં ઘટાડો થઈ ચુક્યો છે. ઓક્ટોબર મહિનામાં આઠ કોર સેક્ટરના આઉટપુટમાં ઘટાડો થતાં નિરાશા રહી હતી. કોલસાના ઉત્પાદનમાં ઓક્ટોબર મહિનામાં ૧૭.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ક્રૂડ ઓઈલની કિંમતમાં ૫.૧ ટકાનો અને નેચરલ ગેસમાં ૫.૭ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યો છે. આવી જ રીતે સિમેન્ટના ઉત્પાદનમાં ૭.૭ ટકા, સ્ટીલમાં ૧.૬ ટકા અને ઈલેક્ટ્રીસિટીમાં ૧૨.૪ ટકા સુધીનો ઘટાડો ઓક્ટોબર મહિના દરમિયાન થઈ ચુક્યો છે. રિફાઈનરી પ્રોડક્ટના ઉત્પાદનમાં ગ્રોથ ઓક્ટોબર મહિનામાં ૦.૪ ટકા સુધી ઘટી ગયો છે. ગયા વર્ષે આજ ગાળામાં રિફાઈનરી પ્રોડક્ટમાં આઉટપુટ ગ્રોથનો આંકડો ૧.૩ ટકા રહ્યો હતો. આઠ કોર સેક્ટરમાં ઓક્ટોબર ૨૦૧૮માં ૪.૮ ટકા સુધીનો વધારો નોંધાયો છે.એપ્રિલ-ઓક્ટોબરના ગાળા કોર ઈન્ડસ્ટ્રી ગ્રોથ ૦.૨ ટકા ઘટીને એક વર્ષ અગાઉના ગાળામાં ૫.૪ ટકાની સામે હવે ૦.૨ ટકા રહ્યો છે. ૮ કોર સેક્ટર ઈન્ડસ્ટ્રીમાં આઉટપુટ સપ્ટેમ્બર મહિનામાં ૫.૧ ટકા સુધી ઘટી ગયો હતો. એક દશકમાં આ સૌથી નીચી સપાટી જોવા મળી હતી. આર્થિક મંદીની સીધી અસર કોર સેક્ટર ઉપર જોવા મળી છે જેના પરિણામ સ્વરુપે ઓક્ટોબર મહિનામાં કોર સેક્ટર આઉટપુટ ૫.૮ ટકા સુધી ઘટ્યો છે. મંદીની અસર વિવિધ સેક્ટરોમાં જોવા મળી રહી છે. ઓટોના વેચાણના આંકડા પણ હવે જારી કરવામાં આવનાર છે.

સોમવાર અને મંગળવાર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થશે. તહેવારની સિઝનમાં આંકડા કેટલા રહ્યા તેને લઈને હવે ચિત્ર સ્પષ્ટ થશે. અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તંગદિલી વધી રહી છે. હોંગકોંગમાં વિરોધ પ્રદર્શન પણ જારી છે. વૈશ્વિક અર્થતંત્ર ઉપર આની અસર થઈ છે.